ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0



નેટ પ્રેક્ટીસ - મોટેરા સ્ટેડીયમ ખાતે ન્યુઝિલેન્ડ અને ભારત વચ્ચે ક્રિકેટ મેચ યોજાવાની છે. મેચ પહેલા બંને ટીમોના ખેલાડીઓએ સ્ટેડીયમ પહોંચી જઈ નેટ પ્રેક્ટીસ કરી હતી. બંને ટીમના ખેલાડીઓએ નેટ પ્રેક્ટીસ દરમિયાન ફિલ્ડીંગ તથા ફીટનેશને વધુ પ્રાધાન્ય આપ્યું હતું. જ્યારે સ્ટાર બેટ્સમેન દ્વારા બેટીંગ પ્રેક્ટીસની સાથે સાથે બોલર્સ દ્વારા પણ આજે બોલીંગ ટેકનીક અને વરસાદી વાતાવરણ અને પીચને ધ્યાનમાં રાખીને બોલીંગ પ્રેક્ટીસ કરી હતી.

# રાજ્યના પોલીસ વડા તરીકે વિકાસ સહાયને ચાર્જ સોંપાયો

### અગાઉ વિજય રૂપાણીની સરકાર વખતે પેપરલીકને કારણે ભરતી બોર્ડના ચેરમેન વિકાસ સહાય સાઈડલાઈન થઈ ગયા હતા, હવે ભૂપેન્દ્ર પટેલની સરકારમાં વિકાસ સહાય ફરી સાઈડમાંથી મેઈન જગ્યા ઉપર આવ્યા

ગાંધીનગર, તા.૩૧

ગુજરાતના પોલીસ વડા આશિષ ભાટીયા આજે નિવૃત્ત થઈ રહ્યાં છે. ત્યારે નવા પોલીસ વડા તરીકે ૧૯૮૯ બેચના આઈપીએસઅધિકારી વિકાસ સહાયને ચાર્જ સોંપવામાં આવ્યો છે. તેઓ આજે આશિષ ભાટીયાની નિવૃત્તિ બાદ ચાર્જ સંભાળી લેશે. નવા ડીજીપી માટે ૩ આઈપીએસઅધિકારીઓ રેસમાં હતા. જેમાં સંજય શ્રીવાસ્તવ, વિકાસ સહાય અને અજય તોમરના નામની ચર્ચા હતી. જેમાં આખરે વિકાસ સહાયને ચાર્જ સોંપવામાં આવ્યો છે.



વિકાસ સહાય ૧૯૮૯ બેચના આઈપીએસ અધિકારી છે અને તેમણે સરદાર વલ્લભભાઈ પટેલ નેશનલ પોલીસ એકેડમી, હૈદરાબાદમાં તાલીમ મેળવી હતી. પોલીસ વિભાગમાં ૧૯૯૯માં એસપી આણંદ, ૨૦૦૧માં એસપી અમદાવાદ ગ્રામ્ય, ૨૦૦૨માં અમદાવાદ શહેરના ડીસીપી ઝોન૫ અને૬, ૨૦૦૪માં અમદાવાદ શહેરના ડીસીપી ટ્રાફિક, એડિશનલ સીપી ટ્રાફિક જેવા અસંખ્ય મહત્વના હોદ્દાઓ સંભાળ્યા છે.તેમની પસંદગી દેશની પ્રથમ પોલીસ યુનિવર્સિટી "રક્ષા શક્તિ યુનિવર્સિટી"ની સ્થાપના માટે કરવામાં આવી હતી.

અગાઉ વિજય રૂપાણીની સરકાર વખતે પેપરલીકને કારણે ભરતી બોર્ડના ચેરમેન વિકાસ સહાય સાઈડલાઈન થઈ ગયા હતા. હવે ભૂપેન્દ્ર પટેલની સરકારમાં વિકાસ સહાય ફરી સાઈડમાંથી મેઈન જગ્યા ઉપર આવ્યા છે. જો કે અત્યારે તેઓ ઈન્ચાર્જ ડીજીપી તરીકે જ જવાબદારી સંભાળશે. આજે આશિષ ભાટીયાનો પણ કાર્યકાળ પૂરો થઈ રહ્યો છે. વિધાનસભા ચૂંટણી પહેલા આશિષ ભાટીયાને છ માસનું એક્સટેન્શન અપાયું હતું.

# શહેરમાં નોનવેઝનું વેચાણ કરનારી દુકાનોને ક્લોઝર નોટીસ ફટકારાઈ

### ખોરાક ઔષધ નિયમનતંત્ર અને મનપાની સંયુક્ત ટીમ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહી

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા નોનવેઝનું વેચાણ કરતી ૨૫ જેટલી દુકાનોને આજે ક્લોઝર નોટીસ પાઠવી છે.

મનપા દ્વારા જીપીએમસી એક્ટની કલમ ૩૭૬, ૩૭૭, ૩૭૮ને વંચાણે લઈ મનપાની હકુમતમાં આ નોનવેઝ દુકાનો ચાલતી હોઈ તેમને ક્લોઝર નોટીસ આપી અને ખોરાક અને ઔષધ નિયમનતંત્ર દ્વારા આ દુકાનદારો પાસે જે જથ્થો હતો તેનો નાશ કરવામાં આવ્યો હતો.

આજે મનપા અને ખોરાક ઔષધ નિયમનતંત્રએ એક સાથે મળી આ કામગીરી હાથ ધરી હતી. મનપામાં એક દુકાન પાસે નોનવેઝના વેચાણ માટેનું લાયસન્સ હતુ તે રદ કરવાનો નિર્ણય પણ મનપા દ્વારા લેવામાં આવ્યો હોવાથી આજે શહેરમાં આ તમામ દુકાનોને મનપાના તંત્રએ ક્લોઝરની નોટીસ આપી હતી.

મનપા અને ખોરાક ઔષધ નિયમનતંત્રએ સવારથી જ આ કામગીરી શરૂ કરી હતી. સે. ૨૧, ૨૪, ૩૦, ૨૯માં આ દુકાનો હતી. આ ઉપરાંત સે. ૫ અને ૧૧ માં કાચી દુકાનો ઉભી કરી નોનવેઝનું વેચાણ કરવામાં આવતું હોવાની ફરિયાદોને આધારે આ કાચી દુકાનો પણ દૂર કરી તેના સંચાલકોને ક્લોઝરની નોટીસ થમાવવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ આ દુકાનોના સંચાલકોને અપાયેલ ક્લોઝરની નોટીસ બાદ દબાણ શાખાને એક વિસ્તૃત અહેવાલ તૈયાર કરી મોકલી આપવામાં આવ્યો છે.

મનપા પાસે જમીન કે અન્ય સત્તાઓ ન હોવાથી મ્યુનિ. કમિશનરશ્રીની હકુમતના વિસ્તારની અંદરનો વિસ્તાર જણાવી જીપીએમસી એક્ટની કલમ ૩૭૬, ૩૭૭, ૩૭૮ અંતર્ગત આ કામગીરી કરવામાં આવી છે.

# શહેરમાં ભળેલા ગુડાના વિસ્તારમાં પાણીના બિલ પેટે રૂ. ૭૦ લાખ ચુકવવા ગુડાએ મનપાને બિલ મોકલ્યુ

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર શહેરી વિસ્તાર વિકાસ સત્તામંડળે ગાંધીનગર શહેરમાં ભળેલા તેના વિસ્તારોમાં પાણીના બિલ પેટે રૂ. ૭૦ લાખનું માંગણુ કર્યુ છે.

ગાંધીનગર શહેરની હદમાં ૧૮ ગામ અને ન.પા. વિસ્તારને ભેળવવાના નિર્ણય પછી મનપાને પાણીવેરા પેટે આ બિલ ગુડા દ્વારા થમાવવામાં આવતાં મનપાનું વહીવટીતંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે.

મનપા પાસે હાલ સફાઈ સિવાય કોઈ સેવા છે નહિ. પેયજળના પુરવઠો આપવાની સેવા માટે પા.યો. વિભાગ અને મનપા વચ્ચે વિવાદ ચાલી રહ્યો છે. મનપાએ આ સેવા માટે પા.યો.વિ. પાસે સ્ટાફને લોન પર આપવા માંગણી કરી હતી પરંતુ તેનો ઈન્કાર કરાયા પછી હજુ આ અંગે કોઈ નિકાલ આવ્યો નથી.

રાજ્યમાં ગાંધીનગર મનપા જ એક એવી સંસ્થા છે જ્યાં પાણીના દર અલગ અલગ છે. ગાંધીનગર શહેરમાં પા.યો.વિ. દ્વારા પાણી પુરૂ પાડવામાં આવે છે. જયારે આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં જે વિકાસ થયો છે ત્યાં ગુડા દ્વારા અને મૂળ ગામોમાં સ્થાનિક સ્ત્રોતોમાંથી પાણી અપાય છે.

ગુડાએ મહાનગરપાલિકાને તેના વિકાસ પામેલ વિસ્તારોમાં નર્મદાનું પાણી ખરીદીને આપેલ હોઈ તેણે આ પાણીના બિલ પેટે

● અનુસંધાન પાન-૭ પર

# નિવૃત્ત પંકજકુમાર ગુજરેરાના ચેરમેન બને તેવી ચર્ચા

### ગયા નવેમ્બર મહિના પછી રેરાની કચેરી ચેરમેન વિહોણી છે, એપેલેટ ટ્રિબ્યુનલમાં પણ ચેરમેન નથી

ગાંધીનગર

ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી (રેરા)ના ચેરમેન કોણ બનશે તેની પર રાજ્યની બિલ્ડર લોબીની નજર છે, કેમ કે ચાર વર્ષના લાંબા સમય સુધી આ પદ પર ફરજ બજાવતા નિવૃત્ત આઈએએસ અધિકારી અમરજીતસિંઘ ગયા નવેમ્બર મહિનામાં નિવૃત્ત થઈ ચૂક્યાં છે.

હવે સચિવાલયમાં એવો પ્રશ્ન થઈ રહ્યો છે કે ખાલી પડેલા રેરાના ચેરમેન પદ પર ક્યા નિવૃત્ત અધિકારી આવશે. બ્યુરોક્રેસીમાં એવી ચર્ચા છે કે ૩૧મી જાન્યુઆરી ૨૦૨૩માં નિવૃત્ત થનારા ચીફ સેક્રેટરી પંકજકુમારને સરકાર રેરાના ચેરમેન બનાવી શકે છે.

ગુજરેરા ઉપરાંત પંકજકુમારની નિયુક્તિ ગુજરાત વિઝિલન્સ કમિશનમાં પણ થઈ શકે છે. જો કે સૂત્રો એવું કહે છે કે પંકજકુમારને નિવૃત્તિ પછીની નોકરી ગુજરાતમાં આપવી કે નવી દિલ્હીમાં તે હવે દિલ્હી હાઈકમાન્ડે નક્કી કરવાનું છે.

ઉલ્લેખનીય છે કે રેરાના ચેરમેનની જેમ એપેલેટ ટ્રિબ્યુનલમાં પણ ચેરમેનની જગ્યા હજી સુધી ભરાઈ નથી પરિણામે અપીલના કેસોમાં લોકોને ન્યાય મેળવવા માટે હાઈકોર્ટનો આશરો લેવો પડી રહ્યો છે. આ જગ્યાએ સરકારને નિવૃત્ત જસ્ટીસની નિયુક્તિ કરવાની થાય છે.

# સબ રજીસ્ટ્રાર કચેરીનું સર્વર ડાઉન થતાં દસ્તાવેજ કરનારાઓ પરેશાન

ગાંધીનગર, તા. ૩૧

સબ રજીસ્ટ્રાર કચેરીમાં આજે બપોર બાદ સર્વર ડાઉન થઈ જતાં હજારો દસ્તાવેજ કરનારાઓ મોડી રાત સુધી હેરાન થતા જોવા મળ્યા હતા. સબ રજીસ્ટ્રારની કચેરીમાં દસ્તાવેજ માટે સવારથી જ ટોકન આપવામાં આવે છે અને ટોકન નંબર પ્રમાણે દસ્તાવેજોની નોંધણીની કામગીરી થતી હોય છે.

આજે બપોરે બે વાગ્યાથી એકાએક કચેરીનું આ સર્વર ડાઉન

● અનુસંધાન પાન-૭ પર

# પાટનગર યોજના વિભાગના કોન્ટ્રાકટર્સમાં ગ્રાન્ટનો કકળાટ

### લાંબા સમયથી બિલો ચુકવાતા નથી : વિભાગના વિવિધ ડિવીઝનમાં પુરતી ગ્રાન્ટ ફાળવવામાં આવતી નથી : જરૂરિયાત સામે છુટક છુટક નાની રકમ રીલીઝ થતા કોન્ટ્રાકટરોને સમયસર પૈસા ન મળતા આક્રોશ

ગાંધીનગર તા ૩૧

શહેરમાં માળખાગત સુવિધાના વિવિધ કામોની જવાબદારી સંભાળતા પાટનગર યોજના વિભાગમાં સમયસર ગ્રાન્ટ ન ચુકવાતા દરવખતે કોન્ટ્રાકટર્સમાં કકળાટ પ્રવર્તે છે. જો કે છેલ્લા કેટલાક સમયથી ગ્રાન્ટની ચુકવણી અનિયમિત થઈ જતા કોન્ટ્રાકટર્સ આગ બબુલા બન્યા છે. યોજના ભવનના વિવિધ ડિવીઝનમાં પુરતી ગ્રાન્ટ ફાળવવામાં આવતી ન હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. જેના લીધે જરૂરી કામના અંતે બિલની ચુકવણી પણ સમયસર ન થતા શ્રમિકવર્ગને પૈસા ચુકવવાનુ પણ મુશ્કેલ બનતુ હોવાનો રોષ પ્રવર્તયો છે.

પાટનગર યોજના વિભાગમાં સમયસર ગ્રાન્ટની ફાળવણી ન થતા સંબંધિત અધિકારીઓ પણ બીલના ચુકવાણાના મામલે મુંઝવણમાં મુકાયા છે. કોન્ટ્રાકટરોની સતત પુછતાછથી કંટાળી ગયા છે. લાંબા સમયથી ગ્રાન્ટ ફાળવવામાં આવી નથી અલબત્ત ગ્રાન્ટની રકમ કયારે રીલીઝ કરવામાં આવશે અને ચુકવણા કયારે થશે તે અંગે પણ અનેક સવાલો મંડરાયા છે. દેશ વિદેશના મહાનુભાવોની હાજરી હોય તેવા કાર્યક્રમો થાય ત્યારે મહાત્મા મંદિરમાં જરૂરી વ્યવસ્થા ગોઠવવા સહીત અમદાવાદ એરપોર્ટથી માંડી ગાંધીનગરના માર્ગો સુધી સજાવટ કરવાના અનેકવિધ કામો પણ યુધ્ધના ધોરણે હાથ ધરવામાં આવતા હોય છે. જેમાં નવેસરથી રોડ ફર્નિચર સરફેસીંગ ઉપરાંત ગંદકી અને ઝુંપડા દુર કરવા અગર તેને ઢાંકવા સહીતની કામગીરી ઝડપથી પુર્ણ કરવામાં આવે છે. જો કે આવી કામગીરી કરવા માટે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવે તો આ લાંબી પ્રક્રીયા પુર્ણ થાય તે પહેલા જે તે કાર્યક્રમનો સમય પણ વિતી જાય તેવી સ્થિતિ હોય છે. જયારે આવા સંજોગોમાં વર્ષો જુના અને સક્ષમ કોન્ટ્રાકર્સને ટેન્ડર વિના જ કામ કરવા માટે સમજાવી લેવાની પ્રથા પણ ચાલી રહી છે. જયારે કામ થયા બાદ નાણાંકીય ચુકવણી તો કરવાની જ હોય છે આ સ્થિતિમાં અરજન્ટ સિવાયના બજેટેડ કામો ઉપરાંત રૂટિન કામોના બિલની ચુકવણી પણ ગ્રાન્ટના અભાવે અટકી જાય છે. હાલ છેલ્લા ઘણાં સમયથી આવી જ સ્થિતિ છે. જયારે ગ્રાન્ટના મામલે અનેકવાર કકળાટ થાય ત્યારે ગ્રાન્ટની મામુલી રકમ ફાળવવામાં આવે છે જેના અંતે કોન્ટ્રાકટર્સની મુંઝવણનો અંત

● અનુસંધાન પાન-૭ પર

# ગિફ્ટ સિટીને ઝડપથી રિવરફ્રન્ટ યોજના મળશે

### મુખ્યમંત્રીના એડવાઇઝરે બાકી પ્રોજેક્ટને ગતિ આપવા માટે અધિકારીઓ સાથે બેઠકો યોજી સમીક્ષા હાથ ધરી

ગાંધીનગર

પદ્મશ્રી એવોર્ડ વિનર અને મુખ્યમંત્રીના એડવાઈઝર (ઈન્ફ્રાસ્ટ્રક્ચરલ પ્રોજેક્ટ્સ) હવે તેમનું ફોકસ ત્રણ મહત્વના પ્રોજેક્ટ પર કેન્દ્રિત કરી રહ્યાં છે. કેશુભાઈ પટેલના સમયથી જે પ્રોજેક્ટ એક સ્વપ્ન બની રહ્યો છે તે કલ્પસરને આગળ વધારવા રાઠૌર આ યોજનાને સંલગ્ન વિભાગોના અધિકારીઓ સાથે ચર્ચા કરી રહ્યાં છે.

એ ઉપરાંત તેઓ ભાડભૂત બેરેજ યોજના ઝડપથી પૂર્ણ કરવા માગે છે. આ સાથે અમદાવાદમાં સાબરમતી નદીના બન્ને કાંઠે બનાવાયેલા રિવરફ્રન્ટ પ્રોજેક્ટને ગાંધીનગર ગિફ્ટ સિટી સુધી લંબાવવાની યોજના માટે તેમણે વિચાર-વિમર્શ શરૂ કર્યો છે.

ગાંધીનગરમાં ૯.૩ કિલોમીટર લાંબો રિવરફ્રન્ટ શરૂ કરવા માટે રાજ્ય સરકારે પ્રથમ તબક્કે ૩૫૩.૫૮ કરોડનો ખર્ચ અંદાજ્યો છે. અમદાવાદમાં બનેલો રિવરફ્રન્ટ ૧૧.૨ કિલોમીટર લાંબો છે અને તે ઈન્દિરાબ્રીજ પાસે પૂર્ણ થાય છે. હવે આ રિવરફ્રન્ટ ગાંધીનગર સુધી લંબાવવામાં આવશે. આ કામ ઝડપથી શરૂ થાય તે માટે રાઠૌરે અધિકારીઓને સૂચના આપી છે.

અધિકારીઓ સાથેની ચર્ચામાં એસએસ રાઠૌરે કલ્પસર યોજના તેમજ ભાડભૂત યોજનાનો રિપોર્ટ પણ માગ્યો હતો. આ બન્ને યોજના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સ્વપ્ન છે. મુખ્યમંત્રીના સલાહકાર સમક્ષ આ ત્રણ પ્રોજેક્ટ મુખ્ય છે, જેમાં બજેટ એલોકેશન કરવાનું હોય તો અધિકારીઓને પણ કહી દેવામાં આવ્યું છે.

# સે.૧૧ રામકથા મેદાનમા મોડલ કોર્ટ બિલ્ડીંગ બાંધવામાં આવશે

### કોર્ટ બિલ્ડિંગનું કામ હવે શરૂ થશે રેકર્ડ માટે અલાયદો માળ આખી કોર્ટ વાતાનુકુલિત રહેશે : બઝમેન્ટમાં વાહન પાર્કીંગની સુવિધા

ગાંધીનગરમાં સેક્ટર ૧૧ ખાતે અદ્યતન કોર્ટ બિલ્ડીંગ બાંધવાનું હવે કામ શરૂ કરાશે કોર્ટ બિલ્ડિંગની યોજનાને અનુલક્ષી ટેન્ડર પ્રક્રીયા પૂર્ણ કરી દેવામાં આવી છે મોડેલ કોર્ટ મા વાતાનુકૂલિત ૨૮ કોર્ટ રૂમ સાથે રેકર્ડ માટે અલાયદો માળ બનાવશે જયારે વાહનોનો બહાર ખડકલો ના થાય તે માટે બઝમેન્ટ પાર્કીંગ પણ બનાવામાં આવશે . આ યોજનાને અનુલક્ષી અંદાજિત ૧૦૦ કરોડનો ખર્ચ કરાશે ૧ સેક્ટર ૧૧માં રામકથા મેદાનમાં ૪૧,૦૩૭ ચોરસ મીટર જેવી વિશાળ જગ્યા પણ ફાળવવામાં આવી છે

ગાંધીનગરમાં જિલ્લા ન્યાયાલય નું બિલ્ડીંગ હાલ સેક્ટર ૧૧મા જ છે જો કે બિલ્ડીંગ નાનું હોવાની સાથે પર્યાપ્ત સુવિધાઓ નો પણ અભાવ છે જેને અનુલક્ષીને ન્યાય વર્તુળ દ્વારા પણ સમયાંતરે આ સ્થિતિનું નિવારણ લાવવા માટેની રજૂઆતો સરકાર સમક્ષ કરવામાં આવી હતી હાલની કોર્ટ બિલ્ડીંગ પાસે પાર્કિંગની સમસ્યા પણ શિરદર્દ સમાન બની છે વકીલો મુલાકાતીઓ ઉપરાંત . ન્યાયાધિશોના પણ વાહન પાર્ક કરવા માટે પર્યાપ્ત જગ્યા ઉપલબ્ધ નથી. જેના લીધે કોર્ટ બિલ્ડીંગની બહાર વાહનોનો આડેધડ ખડકલો થાય છે . કોર્ટ બિલ્ડીંગની આજુ બાજુની કચેરીઓના પાર્કિંગમાં પણ વાહનો પાર્ક કરવાની ફરજ પડે છે જો કે હવે નવા કોર્ટ બિલ્ડીંગ માટે વિશાળ જગ્યા ફાળવવામાં આવી છે . આ જગ્યાએ ૮ માળની ઈમારત બાંધવાનો પણ નિર્ણય કરવામાં આવ્યો હોવાથી તમામ અદ્યતન વ્યવસ્થા કરવામાં આવશે .

સુત્રોમાંથી મળતી માહિતી મુજબ આ જગ્યાએ મોડેલ કોર્ટ બિલ્ડીંગ બાંધવામાં આવશે કોર્ટ બિલ્ડીંગમાં સોલર સિસ્ટમ મુકવામાં આવશે. વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ પણ લગાડવામાં આવશે. સમગ સંકુલને સીસી ટીવી કેમેરા સર્વેલન્સથી આવરી લેવામાં આવશે અને બેઝમેન્ટમાં વાહન પાર્કિંગની વિશાળ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે. બેઝમેન્ટ વધતા ગ્રાઉન્ડ ફ્લોર અને ઉપર સાત માળની ઈમારતની ડિઝાઈન તૈયાર કરવામાં આવી છે. તેમાં રેકર્ડ રૂમ માટે એક આખો માળ તૈયાર કરાશે આગામી બે વર્ષમાં યોજનાનું કામ પૂર્ણ કરી દેવાશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality

ASTRAL PIPES

PRINCE PIPING SYSTEMS

Jaquar experience bathing

DR. FIXIT

Birla White THE WHITEST WHITE CEMENT

VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

### શહેરના સરકારી આવાસોમાં

# અનઅધિકૃત કબજેદારોના કિસ્સામાં ૪૦૦ થી વધુ કિસ્સામાં કોર્ટ કેસ

### એકબાજુ નવા આવાસો બાંધવામાં આવી રહ્યા છે ત્યારે હાલ રહેણાંકને લાયક મકાનો પૈકી કેટલાક મકાનો અનઅધિકૃત કબજા હેઠળ હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે

ગાંધીનગર તા ૩૧

શહેરમાં કર્મચારીઓના વસવાટ માટે એકબાજુ અદ્યતન મકાનો બનાવવા માટે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. ત્યારે મોટાભાગના જુના અને જોખમી આવાસો રહેણાંકને લાયક રહ્યા નથી. આવા સંજોગોમાં તંત્રના ચોપડે આવાસ માટે કર્મચારીઓની પ્રતિક્ષા યાદીને પણ ન્યાય આપી શકાતો નથી બીજીતરફ સેકટરોમાં આવાસોમાં અનઅધિકૃત કબજેદારોની સંખ્યા પણ વિશેષ છે. અત્યાર સુધી અનઅધિકૃત કબજેદારો સામે ૪૦૦ થી વધુ કીસ્સામાં કોર્ટ કેસ દાખલ કરવામાં આવ્યા છે. જયારે આગામી દિવસોમાં આ અનઅધિકૃત કબજેદારોને દુર કરવા માટે પણ કડક પગલા લેવાશે.

ગાંધીનગરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો મામલે અગાઉ સર્વે હાથ ધરવામાં આવ્યો હતો જયારે રહેણાંકને લાયક ન હોય તેવા મકાનો જોખમી જાહેર કરાયા હતા જોખમી મકાનો તબક્કાવાર ખાલી કરાવી તંત્ર દ્વાર આવા મકાનો તોડવામાં આવી રહ્યા છે. હાલ પણ સેકટરોમાં આવાસો તોડવાની કામગીરી ચાલી રહી છે. બીજીતરફ કેટલાક મકાનોનુ રીનોવેશન પણ હાથ ધરવામાં આવ્યુ છે. જયારે આ સ્થિતિ વચ્ચે તંત્ર પાસે રહેણાંકને લાયક મકાનો બહુ ઓછા છે. જેના લીધે માર્ગ મકન વિભાગમાં આવાસ માટે કર્મચારીઓની પ્રતિક્ષા યાદી પણ મોટી થતી જાય છે. એક તો મકાનોની સંખ્યા ઓછી છે. જયારે હજુ નવા મકાનો બનાવવા માટે આયોજન કરવામાં આવી રહ્ય છે. પરંતુ વિવિધ કક્ષાના સરકારી આવાસોમાં અનઅધિકૃત કબજેદારોની સંખ્યા પણ વિશેષ છે. પાટનગર યોજના વિભાગ દ્વારા અગાઉ અનઅધિકૃત કબજેદારો સામે પગલા લેવા માટે નોટીસ પણ

● અનુસંધાન પાન-૭ પર

# અમદાવાદ એરપોર્ટ પરથી બોમ્બ હોવાનો કોલ મળતા તંત્રમાં દોડધામ

### ફ્લાઇટ અમદાવાદથી વાયા દિલ્હી થઈ ચંદીગઢ જઈ રહી હતી : ટિકિટના વિવાદને લઈને પેસેન્જરે બોમ્બ હોવાનો કોલ કર્યો હતો : બોમ્બ સ્કોવોડ ઘટનાસ્થળે પહોંચી

અમદાવાદ, તા.૩૧

અમદાવાદ એરપોર્ટ પરથી જીવતો મળ્યો હોવનો ફોન આવતા તંત્ર દોડતું થઈ ગયું હતું. એરોપોર્ટ CSIF દ્વારા કોલ મળ્યો હતો. તેને લઈને એરપોર્ટ પર દોડધામ મચી ગઈ હતી અને કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

મળતી માહિતી પ્રમાણે, ફ્લાઈટ અમદાવાદથી વાયા દિલ્હી થઈ ચંદીગઢ જઈ રહી હતી. ત્યારે ટિકિટના વિવાદને લઈને પેસેન્જરે બોમ્બ હોવાનો કોલ કર્યો હતો. ત્યારે બોમ્બ સ્કોવોડે ઘટનાસ્થળે પહોંચીને તપાસ હાથ ધરી હતી. આ ઘટનાને પગલે તાત્કાલિક એરપોર્ટ પર પહોંચી કાર્યવાહી કરતા જાણ થઈ હતી કે, ફ્લાઈટ રોકાવવા માટે કોઈ વ્યક્તિએ ફોન કરીને અફવા ફેલાવી હતી. ત્યારે પોલીસે ફોન કરનારા વ્યક્તિને ઝડપી પાડ્યો હતો અને તેને પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યો હતો.

અમદાવાદમાં ૨૬મી જાન્યુઆરીના રોજ બોમ્બ બ્લાસ્ટની ધમકીભર્યો પત્ર લખનાર આરોપીની ધરપકડ કરી લેવામાં આવી છે. આરોપી એક તરફી પ્રેમમાં પાગલ હતો અને જેને લઈને પોતાની પ્રેમિકાના દિયરને ફસાવવા માટે પત્ર લખ્યો હોવાનું સામે આવ્યું છે. પોલીસે આરોપીની ધરપકડ કરીને આગળ ની કાર્યવાહી શરૂ કરી છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com